ખેતી વિષયક તથા બિનખેતી વિષયક હેતુ માટે અપાતા પાણીના દરો અંગેના તા.૩-૨-૨૦૦૭ના ઠરાવની શરતો / જોગવાઇઓ વગેરે બાબતે સ્પષ્ટતા કરવા અંગે.

**ગુજરાત સરકાર**
નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
પરિપત્ર ક્રમાંક:ડબલ્યુટીઆર/૨૦૦૫/૪૧/પી
સચિવાલય, ગાંધીનગર.
તા.૯/૯/૨૦૦૮

**વંચાણે લીધા:-**

(૧) આ વિભાગના તા.૩-૨-૦૭ના ઠરાવ ક્રમાંક:ડબલ્યુટીઆર/૨૦૦૫/૪૧/પી

**પરિપત્ર:-**

રાજયમાં જુદાં જુદાં વિભાગો દ્વારા જુદાં જુદાં હેતુઓસર અપાતા પાણીના દરોમાં એકસૂત્રતા અને સરળીકરણ લાવવા રચાયેલ મંત્રી મંડળની પેટા કમિટીની ભલામણો અન્વયે વિભાગના તા.૩-૨-૨૦૦૭નાં સરખા ક્રમાંકના ઠરાવથી જરૂરી નીતિ વિષયક બાબતો અમલી બનાવાયેલ છે.

ઉપરોકત ઠરાવની અમુક શરતો અંગે ક્ષેત્રિય કચેરીઓ તરફથી કરાયેલ રજુઆતોનાં મુદ્દાઓ અને માર્ગદર્શન અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવેલ. સદર વિચારણાના અંતે, સંદર્ભમાં દર્શાવેલ આ વિભાગના તા.૩-૨-૨૦૦૭ના ઠરાવથી નિયત થયેલ જોગવાઇઓ તેમજ નીતિ વિષયક બાબતોના હાર્દમાં મૂળભૂત રીતે કોઇપણ ફેરફાર ન થાય તે રીતે, આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબની સ્પષ્ટતા કરવા નક્કી થયેલ છે. સદર સ્પષ્ટતાઓ ધ્યાને લઇને, આનુષાંગિક કાર્યવાહી તા.૧-૧-૦૭થી અમલી બને તે રીતે કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સુબોધ જોષી )
સેકશન અધિકારી
નર્મદા,જ.સં.પા.પુ.અને કલ્પસર વિભાગ

બિડાણ:- પરિશિષ્ટ.

પ્રતિ,

(૧) નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
(૨) માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) તમામ માનનીય મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) તમામ રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૫) માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

(૬) સચિવાલયના તમામ વિભાગો.

(૭) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તમામ સચિવશ્રીઓના અંગત સચિવશ્રી ,સચિવાલય, ગાંધીનગર.

(૮) વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૯) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.

(૧૦) ઉદ્યોગ કમિશનરશ્રી, ગુજરાત રાજય, ઉદ્યોગ ભવન, સેકટર-૧૧, ગાંધીનગર.

(૧૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિ. બ્લોક નં.૧૨, સચિવાલય, કોમ્પલેક્ષ, ગાંધીનગર.

(૧૨) માહિતી નિયામકશ્રી, માહિતી ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર.(બહોળી પ્રસિધ્ધિ માટે)

(૧૩) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ઉદ્યોગ ભવન, સેકટર-૧૧, ગાંધીનગર.

(૧૪) ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજય, કૃષિ ભવન, સેકટર-૧૦, ગાંધીનગર.

(૧૫) નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૧૬) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ, ગાંધીનગર.

(૧૭) સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેકટર-૧૦, ગાંધીનગર.

(૧૮) નિયામકશ્રી, વોટર એન્ડ લેન્ડ મેનેજમેન્ટ ઇન્સ્ટીટયુટ, આણંદ.

(૧૯) નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા.

(૨૦) નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તમામ મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

(૨૧) નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તમામ અધીક્ષક ઇજનેરશ્રીઓ (પંચાયત વર્તુળ સહિત) તરફ. - (પાણી ઉપાડતા તમામ ઉદ્યોગો/એકમોને જાણ કરવા અને વસુલાત માટે કડક કાર્યવાહી કરવા અર્થે.)

(૨૨) નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તમામ કાર્યપાલક ઇજનેરશ્રીઓ (પંચાયત વર્તુળ સહિત) સચિવાલય, ગાંધીનગર.

(૨૩) મ્યુનિ. કમિશનરશ્રી, અમદાવાદ /રાજકોટ /સુરત /વડોદરા /જામનગર /ભાવનગર/ જુનાગઢ.

(૨૪) તમામ કલેકટરશ્રીઓ.

(૨૫) તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

(૨૬) નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તમામ પ્રોજેકટ શાખાઓ/ નાણાં શાખાઓ.

(૨૭) નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તમામ તાંત્રિક અધિકારીશ્રીઓ.

(૨૮) મુખ્ય માહિતી અધિકારીશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ( આ પરિપત્ર આ વિભાગની વેબસાઇટમાં મૂકવા સારૂ)

(૨૯) સિલેક્ટ ફાઇલ

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૯/૯/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક:ડબલ્યુટીઆર/૨૦૦૫/૪૧/પી સાથેનું બિડાણ:

## પરિશિષ્ટ

(અ) ખેતી વિષયક હેતુઓ માટે અપાતા પાણીના દરો બાબત :-

(૧) દરેક સીઝનમાં પ્રત્યેક પાક માટેની પાણની સંખ્યા કેટલી હોવી જોઇએ તે અંગે જરૂર જણાયે WALMI નું માર્ગદર્શન મેળવવાનું રહેશે.

(પ્રત્યેક પાક માટે પાણની લઘુત્તમ જરૂરીયાત બાબતે જળાશયમાં જથ્થો ઉપલબ્ધ હોવા છતાં ઓછાં પાણના પૈસા ન ભરાય તેની તકેદારી માટે ક્ષેત્રિય કચેરીઓ પાસે સંબંધિત અધીક્ષક ઇજનેરશ્રીઓએ Cross - verification કરાવવાનું રહેશે.)

(૨) હાલમાં અમલી રહેલ ફોર્મમાં સુધારણા અંગે અલગથી કાર્યવાહી હાથ ધરાયેલ છે.

(૩) નવા દરોનો અમલ તા.૧-૧-૨૦૦૭ થી જ કરવાનો રહેશે. અમલની આ તારીખમાં કોઇ ફેરફાર કરવાનો રહેતો નથી. નવા દર અમલમાં આવતાં પહેલાં રવિ મોસમ (૨૦૦૬-૦૭) માટે આગોતરી વસુલાત કરાયેલ હોઇ, આ દરો ત્યારબાદની મોસમ (સીઝન) એટલે કે ઉનાળુ મોસમ (૨૦૦૭)માં તા.૧-૧-૨૦૦૭ થી નિયત કરાયા મુજબ જ દરો લાગુ પાડવાના રહેશે તથા ઠરાવમાં સ્પષ્ટતા કર્યા મુજબ સિંચાઇનાં પ્રત્યેક વર્ષ એટલે કે, તા.૧૬ જુન - ૦૭ થી આનુસાંગિક દર સુધારો લાગુ પડશે., તે મુજબ તા.૧૬ જુન-૨૦૦૭ થી ઉત્તરોત્તર વધારા સહિતનાં દર લાગુ પડશે.

(૪) બાકીદાર ખેડૂતોની અરજીના ફોર્મના રંગ અંગેની હાલની પ્રથામાં સુધારણા અંગે અલગથી કાર્યવાહી હાથ ધરાયેલ છે.

(૫) વિભાગના તા.૩-૨-૨૦૦૭ ના ઠરાવમાં ચેકડેમ બાબતે કરાયેલ જોગવાઇઓ સ્વયંસ્પષ્ટ છે. નદી પર કોઇપણ યોજના હેઠળ બંધાયેલ ચેકડેમોમાંથી પાણી મેળવનાર કોઇપણ ઉપભોકતાએ તા.૩-૨-૨૦૦૭ ના ઠરાવમાં જણાવ્યા મુજબ, જે હેતુ માટે પાણી મેળવે (ખેતી / બિનખેતી), તે હેતુ માટેનાં દરોએ નાણાં ભરવાના રહે છે. આથી, નદી પર બંધાયેલ ચેકડેમોમાંથી તા.૧-૧-૨૦૦૭ બાદ મેળવાયેલ વસુલાત અંગે વિભાગના તમામ અ.ઇ.શ્રીઓ તાત્કાલિક વિગતો પુરી પાડવાની રહે છે.

(૬) તા.૩-૨-૨૦૦૭ના ઠરાવના મુદ્દા નં.૬(બ): નદીમાં પાણી છોડવા અંગેના દરો બાબતે, જો ખેતી વિષયક હેતુઓ માટે જ જળાશયમાંથી પાણી છોડવામાં આવે ત્યારે તા.૧-૧-૦૭થી પાણીના દર રૂા.૩૨૮/- પ્રતિ પાણ પ્રતિ હેકટરના ૧/૩ (ત્રીજા ભાગના) દરો લેવાનાં રહેશે. પરંતુ, આ માટે સરકારશ્રી કક્ષાએથી મંજૂરી મેળવ્યા બાદજ આ જથ્થો છોડવાનો રહેશે. આ જથ્થો જળાશય ખાતેથી જ ગણવાનો રહેશે તથા પુરેપુરી આગોતરી વસુલાત

બાદ જ કાર્યવાહી કરવાની રહેશે આ દરોમાં તા.૩-૨-૦૭ના ઠરાવમાં જણાવ્યા મુજબ પ્રત્યેક સિંચાઇ વર્ષથી (તા.૧૬ જુનથી) ઉત્તરોત્તર દર વધારો લાગુ પડશે.

➤ અસામાન્ય સંજોગો સિવાય બિનખેતી વિષયક હેતુસર જળાશયમાંથી નદીમાં પાણી છોડવા પર પ્રતિબંધ રહેશે. અસામાન્ય સંજોગોમાં સરકારશ્રી કક્ષાએ ખાસ કિસ્સાની મંજુરી મેળવ્યા બાદ જ, જે - તે બિનખેતી વિષયક હેતુ માટે તા.૩-૨-૦૭ના ઠરાવથી નિયત થયેલ દરોએ પુરેપુરી આગોતરી વસુલાત બાદ જ કાર્યવાહી કરવાની રહેશે. જથ્થાની માપણી જળાશય ખાતે કરવાની રહેશે.

(બ) <u>બિનખેતી વિષયક હેતુઓ માટે અપાતા પાણીના દરો બાબત</u> :-

(૧) આ દરો તા.૧-૧-૨૦૦૭ થી જ અમલી બને છે. અમલની તારીખમાં કોઇ ફેરફાર કરવાનો રહેતો નથી.

(૨) બિનખેતી વિષયક હેતુ માટે અપાતાં પાણીના દરો માટે અગાઉ સ્થાયી દર અને વપરાશી દર અલગ અલગ હતા. તે હવે તા.૧-૧-૦૭થી Merge કરવામાં આવેલ છે અને સંયુકત દર લાગુ પાડવામાં આવેલ છે.

વર્ષ ૨૦૦૬-૦૭ માટે, જે તે સંસ્થાને એપ્રિલ-૨૦૦૬થી માર્ચ-૨૦૦૭ સુધીનો જે પાણીનો જથ્થો મંજુર કરેલ તે માટેના સ્થાયી દરો એપ્રિલ-૨૦૦૬માં પુરા વર્ષના આગોતરા વસુલ કરવામાં આવેલ છે. ત્યાર બાદ દર મહિને વપરાશ કરેલા પાણીના જથ્થા ઉપર વપરાશી દર લગાવવામાં આવેલ છે.

હવે નવા ઠરાવ અનુસાર, તા. ૧-૧-૨૦૦૭થી તા. ૩૧-૩-૨૦૦૭ સુધીના સમયગાળા માટે પીવાના પાણી માટે રૂા. ૧-૦૦ પ્રતિ હજાર લીટર અને ઔદ્યોગિક હેતુ માટે રૂા. ૮-૦૦ પ્રતિ હજાર લીટરનો દર લાગુ પાડવામાં આવેલ છે. આથી, જે સંસ્થાઓના તા.૧-૪-૦૬ થી ૩૧-૩-૦૭ સુધીના સમયગાળાનાં વાર્ષિક સ્થાયી દર માહે એપ્રિલ-૦૬માં આગોતરા વસુલ કરવામાં આવેલ છે, તે પૈકી તા.૧-૧-૨૦૦૭થી તા.૩૧-૩-૨૦૦૭ સુધીનાં ત્રણ માસનાં સમયગાળાનાં સ્થાયી દરો પરત કરવાના રહે. જો કે, ઉપરોકત ત્રણ માસનાં ગાળાનાં સ્થાયી દરોની પરત કરવાપાત્ર રકમ વ્યાજ વગર આગામી બીલોમાં સરભર કરવાની થાય છે. તેમજ ઉપરોકત રકમની ગણત્રી કરતી વખતે તા.૧-૪-૨૦૦૭થી તા.૩૧-૧૨-૦૭ સુધીનાં સમયગાળા દરમ્યાન વપરાશ કરાયેલ જથ્થાની સાપેક્ષમાં સ્થાયી દરો ગણવાના રહે છે.

(૩) પરવાનેદાર સંસ્થા/એકમ/ઉદ્યોગે તેને જોઇતો પાણીનો વાર્ષિક જથ્થો જે તે નાણાકીય વર્ષની શરૂઆત થતાં પહેલાં એટલે કે, તા.૧લી એપ્રિલ સુધીમાં મંજુર કરાવવાનો હોય છે. પરંતુ હાલ વપરાશકાર પાસેથી અરજી મેળવવાની સમય મર્યાદા નક્કી કરાયેલ ન હોવાથી ઘણાં એકમો તા.૩૧મી માર્ચના રોજ અરજી કરે છે. તેથી વહીવટી મુશ્કેલીઓ ઉભી થાય છે.

આથી, જે એકમ/સંસ્થાનો જથ્થો તેના આગળના વર્ષનાં મંજુર થયેલ જથ્થા કરતા વધતો હોય ત્યારે જે તે એકમે જથ્થામાં વધારો કરવા માટે ૧લી માર્ચ પહેલાં (એક મહિના પહેલાં) જે તે કાર્યપાલક ઇજનેરશ્રીને અરજી કરવાની રહેશે. આ અંગેની આગોતરી જાણ દરેક કાર્યપાલક ઇજનેરશ્રીએ તેમના કાર્યક્ષેત્રની સંસ્થાઓને વિગતવાર રજી. પો. એ. ડી. થી કરવાની રહેશે.

જયારે જો કોઇ એકમ/સંસ્થા તેનાં મંજુર થયેલ જથ્થા કરતાં જથ્થામાં ઘટાડો કરવા ઇચ્છતી હોય તો જે તે એકમે ૧૫મી માર્ચ પહેલાં (૧૫ દિવસ પહેલાં) જે તે કાર્યપાલક ઇજનેરશ્રીને અરજી કરવાની રહેશે.

(૪) પાણી લેવાની મંજુરી મેળવવાના કિસ્સામાં અરજી સાથે લેવાની થતી ત્રણ માસનાં જથ્થા મુજબની ડીપોઝીટની રકમ એ કરારનામા કરતી વખતે જે ત્રણ માસની સીકયોરીટી ડીપોઝીટ લેવાની થાય છે, તે સિવાયની અલગથી છે. આ રકમ અરજી સાથે જ લેવાની રહેશે.

જો સંસ્થા મંજુરીની તારીખથી ૧૨ માસના સમયગાળામાં પાણી ઉપાડવાની શરૂઆત કરશે તો સંસ્થાએ અરજી સાથે ભરેલ ત્રણ માસની ડીપોઝીટની રકમ વ્યાજ વગર આગામી બિલોમાં મજરે આપવાની રહેશે. જો સંસ્થા મંજુરીની તારીખથી ૧૨ માસના સમયગાળામાં પાણી ઉપાડશે નહીં તો સંસ્થાને અપાયેલ મંજૂરી આપોઆપ રદ થયેલી ગણાશે અને સંસ્થાએ અરજી સાથે ભરેલ ત્રણ માસની ડીપોઝીટની રકમ જપ્ત કરવાની રહેશે.

(૫) બિનખેતી વિષયક હેતુઓ માટે અપાતા પાણી માટે, ઠરાવની શરત-૭ માટે સ્પષ્ટતા કરવાની કે, આરક્ષિત કરાવેલ જથ્થાની ૨૫ ટકા જથ્થાની વધ-ઘટની મર્યાદામાં કોઇ વધારાની પેનલ્ટીની આકારણી કરવાની રહેશે નહીં.

જે કિસ્સામાં આરક્ષિત કરાવેલ જથ્થામાં ઘટાડાની પૂર્વમંજુરી મેળવેલ ન હોય અને ૭૫ ટકાથી ઓછો ઉપાડ થાય તો તેવા કિસ્સામાં ૭૫ ટકાથી ઓછા વપરાયેલ જથ્થા માટે જ ૨૫%ની પેનલ્ટીની આકારણી કરવાની રહેશે.

આરક્ષિત કરાવેલ જથ્થા કરતા વધારે જથ્થાના વપરાશ બાબતે ઠરાવમાં કરાયેલ જોગવાઇઓ સ્પષ્ટ છે. તે મુજબ આરક્ષિત કરાવેલા જથ્થાના ૨૫% કરતા વધારે જથ્થાનો ઉપાડ થાય ત્યારે મૂળ આરક્ષણ કરાવેલા જથ્થા ઉપરનાં વધારાના તમામ જથ્થા માટે ૨૫% વધારાની પેનલ્ટી લાગુ પાડવાની રહેશે.

(૬) પાણીના વપરાશના જથ્થા માટે માસિક ધોરણે બિલ બનાવાતું હોવાથી પાણીના જથ્થાની વધ-ઘટ પણ માસિક ધોરણે જ ગણવાની રહેશે વર્ષનાં અમુક જ સમયગાળા માટે જળસંપત્તિ વિભાગની નદી/નાળાં/નહેર કે જળસંપત્તિ પ્રભાગ હસ્તકનાં સ્ત્રોતમાંથી પાણી મેળવતાં એકમો માટેના કિસ્સામાં નિયત સમયગાળો નક્કી કરવા સરકારશ્રીમાંથી અલગથી મંજુરી મેળવવાની રહેશે.

(૭) જે તે મહિનાનું બીલ બનાવ્યા બાદ તેના નાણાં ભરવા માટે બે માસની મુદત આપવામાં આવે છે. આથી બીલની રકમ બે માસમાં ન ભરાય ત્યારે બીલની બાકી રકમ માટે ૧૨ % સાદુ વ્યાજ લગાડવાનું રહેશે.

ઠરાવનો અમલ ૧-૧-૦૭થી કરવાનો થતો હોય ૧-૧-૦૭થી બાકી રહેતા નાણાં માટે ૧૨ % સાદુ વ્યાજ ગણવાનું રહેશે.

(૮) તા.૧ લી એપ્રિલ પહેલાં પાણીના જથ્થાની મંજુરી મેળવ્યા પછી એકમ દ્વારા જથ્થો ઘટાડી શકાશે નહીં. પરંતુ કોઇ કારણસર પાણીનો જથ્થો વધારવાનો જણાય તો તે માટે સરકારશ્રીમાંથી ખાસ મંજુરી મેળવવાની રહેશે.

(૯) બિલ બનાવતી વખતે જથ્થાની માપણી જે તે એકમ દ્વારા પાણી જયાંથી ઉપાડવામાં આવતું હશે ( Off-taking Point ) ત્યાંથી કરવાની રહેશે. એકમને મળતા પાણીનાં Delivery Point પરથી નહીં.

તા.૯-૯-૦૮-ડબલ્યુટીઆર-૨૦૦૫-૪૧-પી-પરિપત્ર-એસડીજે-એસ